





બોગસ જાહેરાતોના હવે પડઘા ડૂબી ગયા!
અને 'કેજીબેશીન' માં કરોડો ડૂબી ગયા!
ડૂબી ગયા પ્રજાજન કરજમાં ગુજરાતના -
ઉગશે સોનાનો સૂરજ કહી સ્વપ્નાં ડૂબી ગયાં!!




ઉત્સવો-મેળા -
કરી કોના બાપની
કરી દિવાળી?

ખાધુ શકુનિ -
ને બેનને ઝાડા -
તિજોરી ખાલી

(ગુજરાતના બજેટમાં અબજોનું દેવું)

## ચિંતન

**વિપદો નૈવ વિપદઃ સંપદો નૈવ સંપદઃ । વિપદ ઇર્ષા તથા તૃષ્ણા સંપદ્ તયોર્જયો હિ વૈ ॥**

'જેને સંપદ અને વિપદ માનવામાં આવે છે તે ખરા અર્થમાં સંપદ કે વિપદ છે જ નહીં, ખરી ખરી વિપદ - (વિપત્તિ-મુશ્કેલી-આપત્તિ-તકલીફ) તો ઇર્ષાળુ સ્વભાવ અને અખૂટ ઇચ્છાઓ-તૃષ્ણા જ છે અને સાચી સંપદ (કમાણી-સંપત્તિ-સાચું ધન) તો આ ઇર્ષા અને તૃષ્ણા પર મનથી વિજય મેળવવો એ જ છે.'

માણસની ઇચ્છાઓ-અપેક્ષા અખૂટ અનંત છે માણસની મન એ મગૃજળ પાછળ સતત દોડ્યા જ કરે છે એક ઇચ્છાઓનું જન્મસ્થાન છે. ઇર્ષા-દેખાદેખી - ખોટી સ્પર્ધા... બીજાનું જોઇને કે ન જોઇ શકવાની 'ઇચ્છા' જન્મે છે.

.. અને આ ઇચ્છાઓ - અપેક્ષાઓ જ બધી જ વિપત્તિઓ-મુશ્કેલીઓનું જન્મ સ્થાન બને છે ઇચ્છાપૂર્તિ માટે માણસ ખૂબ જ ખોટું-સાચું, ન કરવાનાં પાપ કરે છે અને દુઃખોની જંજાળમાં હાથે કરીને ફસાય છે. આ છે વિપદ (વિપત્તિ).

સંપદ - સુખ બીજું કંઇ નથી ઇચ્છાઓ પર અંકૂશ એનું નામ છે 'સંતોષ'. બીજાની પાસે જે છે તે તેના કર્મનું ફળ છે એની ઇર્ષા ન કરો જે મળ્યું છે એમાં ખૂશ રહો - સંતોષ એ જ મોટી સંપત્તિ છે. કોઇ જ, કોઇમાં, કંઇ જ અપેક્ષા ન રાખવી એ સુખ-સંપદા જ છે.

## સુવિચાર

- ઇન્સાન ઇન્સાન કો ધોખા નહીં દેતા હૈ, બલ્કિ વો ઉમ્મીદેં ધોખા દે જાતી હૈ જો વો દૂસરોં સે રખતા હૈ - **ઓશો**
- સજ્જનોનું એ સદ્ભાગ્ય છે કે તેમનાં મૃત્યુ પછી તેમના સદ્ગુણોની સૌરભ વિસ્તરતી જાય છે - **પ્લુટાર્ક**
- હું વિજ્ઞાનનો અભ્યાસી બન્યો, મેં વિજ્ઞાન જાણ્યું, પરંતુ એ જાણકારીનો હું વ્યવહારમાં લોકઉપયોગ માટે ન કરું તો મારું વિજ્ઞાન ભણેલું નિરર્થક છે - **હરગોવિંદ ખુરાના**
- મૂર્ખ એક જ દિશામાં જોવે છે.. જયારે જ્ઞાની ચારેતરફ જુએ છે - **ઝેન કથન**
- અણગમતી દુઃખદ જણાતી ઘટનાઓ સર્જાય ત્યારે માનવું કે આપણે જે શીખવા માગતા હતા તે શીખવા માટે એ ઘટનાઓ જરૂરી હતી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજના લોકો સદ્ગુણોનાં વખાણ કરવામાં સમય બગાડે છે.. પણ એ જ સદ્ગુણો અપનાવવામાં પીછેહઠ કરે છે - **તમિલ કહેવત**
- જ્ઞાનમાં અભિમાન જન્માવવાની શક્યતા છે, એ મુખ્ય દોષ તો કોઇ વિરલ વ્યક્તિ જ ટાળી શકે છે - **રજનીશ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજના નેતાઓ કે વક્તા 'ભાષણ' ભરડે ત્યારે સંદર્ભ સચવાતા નથી. પોતાની જ વાતોનું સંકલન થતું નથી. ભાષાની ભૂલો અને લયનો વિલય થયો રહે છે. ભાષણની કળા જ અર્ધી સફળતા અપાવે છે, ચાના ગલ્લાના ટપોરીને પણ ભાષણની કળા વડાપ્રધાન પદ સુધી પહોંચાડી દે છે.

એક યુવાન, સોક્રેટીસ પાસે ગયો. સોક્રેટીસ શૌમ્ય વકતવ્ય અને સામાન્ય પ્રશ્નોત્તરીથી લોકોને સરળ રીતે સમજાવી શકતા અને સત્ય એમને ગળે ઉતારી દેતા. સોક્રેટીસને કહ્યું, મને તમારા જેવા વક્તા થવું છે ગમે તેટલી 'ફી' લઇને મને તાલીમ આપો.

સોક્રેટીસ કહે - પહેલાં તું મારી સામે એક ભાષણ આપ - પછી તને તાલીમ આપું. અને ફી નક્કી કરું! પેલાએ પંદર મિનિટ ભાષણ આપ્યું.

સોક્રેટીસ કહે - આમ તો હું ફી ૫૦૦ રૂા. લઇ લઉં છું પણ તારા હજાર થશે!

યુવાને આશ્ચર્ય વ્યક્ત કરી પૂછ્યું - કેમ?!

સોક્રેટીસ કહે - સારું ભાષણ શીખવવાની ફી તો ખરી જ પણ તારી જૂની ભૂલો ભૂલાવવાની પણ એટલી જ ફી થશે.

બીજું, સંભાષણની સાથે મૌન રહેવાની અને સામેની વ્યક્તિને ધ્યાનથી સાંભળવાની પણ એક કળા છે. તું ખૂબ બોલે છે એ ટેવ પણ મારે ભૂલાવવી પડશે.

Email - sureshchandrabhatt18@gmail.com

# કોર્ટ કેસોનો નિર્ણય પાંચ વર્ષમાં લાવવા કાયદાની પ્રક્રિયામાં સુધારા

**વાત કાનૂન કાયદાની...**

- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com



નવી દિલ્હીના ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશો દ્વારા મોટા કેસોમાં જે વર્ષો સુધી નિર્ણય થતા નથી ફેંસલા થતા નથી કે ચુકાદા આવતા નથી તેવા કેસો ફાસ્ટ ટ્રાયલ સ્વરૂપે ચલાવવા ન્યાઈક પ્રક્રિયામાં સુધારા સૂચવવા કમિટીની રચના કરેલ છે અને આવા પેન્ડીંગ ચુકાદા નીચલી અદાલતોથી લઈને ઉચ્ચ ન્યાયાલયની ન્યાઈક પ્રક્રિયાનો સમયગાળો ૩ થી ૫ વર્ષનો નક્કી કરી તેનો અમલ દરેક કોર્ટે કરવા માટે મુસદ્દો તૈયાર કરવામાં આવેલ છે. કેટલાય કેસો હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં સ્ટે લઈને નીચલી અદાલતમાં ડિસ્ટ્રીક કોર્ટમાં ૨૦ વર્ષથી જેમ છે તે હાલતમાં પેન્ડીંગ પડેલા છે જે ન્યાઈક પ્રક્રિયાને અવરોધે છે તેમજ નવા કેસોના ભરાવા સાથે જુના કેસોમાં અનિર્ણયતાથી કાયદાકિય પ્રક્રિયામાં વિલંબ થતા આમ જનતાનો ન્યાયતંત્ર ઉપરથી વિશ્વાસ ઉઠી ગયેલ છે તેવા સંજોગોમાં હાલમાં કાયદામાં ધરખમ સુધારા સામે જુના કાયદાને રદ કરી તથા કાયદાનો ત્વરીત અમલ થાય તે માટે ઉચ્ચ ન્યાયાધીશ એચ. એમ. દભૂ સાહેબની અધ્યક્ષતામાં ડિસેમ્બરમાં મળનાર કોન્ફરન્સમાં નવા નિયમો, મુસદ્દાઓ તથા ઝડપી કેસોની પ્રક્રિયા માટેના સૂચનોની યાદી સાથે સભ્યોને કોન્ફરન્સમાં નિર્ણયાત્મક કાર્ય કરવા અનુરોધ કરવામાં આવશે.

દાવા તથા કેસોની વિગતો તથા વિભન્ન પ્રકાર અનુસાર સમય મર્યાદા નક્કી કરી કેસોનો ઝડપી નિર્ણય થાય તે માટે અનુરોધ કરેલ છે આ માટે સમન્સ, નોટીસ બજવણી માટે ઈ મેઈલ તેમજ એસએમએસના પ્રયોગને કાયદાકિય માન્યતા અપાવવા પ્રયત્નો હાથ ધરેલ છે. મોટાભાગના કેસો સમન્સ કે કોર્ટ નોટીસની સાક્ષીકે આરોપીઓને બજવણી ના થતા આગળ ચાલતા નથી. જેમાં સીપીસી તથા સીઆરપીસી માં સુધારા વધારા સાથે કોર્ટ મેન્યુઅલમાં પણ જરૂરી સુધારા સૂચવ્યા છે જેનો અમલ આગામી દિવસોમાં ભારતીય ન્યાય પ્રક્રિયામાં શરૂ કરવામાં આવતા કેસોનો ઝડપી નિકાલ થશે તે નિશ્ચિત છે.

ઉચ્ચ ન્યાયાલયે આ માટે નીચલી અદાલત તથા તાબાની અદાલતોના પેન્ડીંગ કેસોના લીસ્ટ તેમજ કયા કારણસર કેસોનો નિર્ણય બાકી છે તેનો અહેવાલ રજુ કરવા જણાવેલ છે જેથી યોગ્ય કાર્યવાહી કરી કેસોનો ઝડપી નિકાલ લાવી ન્યાઈક પ્રક્રિયા આસાન બનાવી શકાય.

કોર્ટમાં મોટાભાગનો સમય બોર્ડ એડજસ્ટ કરવામાં તથા આરોપી, સાક્ષીની હાજરી પુરવામાં જ વિતે છે જેથી સીવીલ કે અન્ય પ્રકારના કેસો ચલાવવા ન્યાયાધીશોને પૂરતો સમય મળતો નથી તેમાં સુધારા વધારા કરી મુદ્દતના બોર્ડ અલગ રીતે ગોઠવવા સૂચનો માંગેલ છે તેમજ વચગાળાની અરજી ઉપર કોઈ પક્ષકાર નારાજ થઈ ઉપલી કોર્ટમાં અપીલ રીવીઝન કરેલ હોય અને તેમાં નીચલી કોર્ટમાં ચાલતા કેસો ચલાવવા ઉપર પ્રતિબંધ ઉચ્ચ અદાલતે ના મુકયો હોય તો આવા કેસો પણ રેગ્યુલર ધોરણે ચલાવવા પ્રસ્તાવ મુકેલ છે.

ઝડપી ન્યાય માટે ન્યાઈક પ્રક્રિયામાં કોઈ બાંધ છોડ ના કરવી પડે અને ચુકાદાની ગુણવત્તા ઉપર અસર ના પડે તે માટે ન્યાયાધીશોને પણ લેટેસ્ટ ચુકાદાઓ તથા આધુનિક પ્રશિક્ષણ પૂરૂં પાડવા તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. અગાઉ યુ.પી.એ સરકારમાં આ માટે ૧૫૦ પાનાનો રીપોર્ટ પણ કરવામાં આવેલો જેમાં ન્યાયાધીશોની સંખ્યામાં બે ગણો વધારો કરવાનો તથા ન્યાયતંત્રના સ્ટાફની મોટાપાયે ભરતી કરવાના સૂચનો કરવામાં આવેલા છે જે હાલની પ્રાંત કાલ કોર્ટ તથા સરકાર સુધારા વધારા કરી સાંધ્ય કોર્ટ પણ આગામી સમયમાં અમલમાં મુકશે જેનાથી ન્યાઈક પ્રક્રિયા ઝડપી બનતા આમ આદમીને યોગ્ય સમયમાં ન્યાય મળતો થશે જજોની સંખ્યા હાલમાં ૧૧ કરોડની જન સંખ્યા સામે મહારાષ્ટ્રમાં ૩ ઉચ્ચ ન્યાયધીશ છે. ૨૦ કરોડની જન સંખ્યાવાળા ઉત્તરપ્રદેશમાં માત્ર એક જ ઉચ્ચ ન્યાયધીશ છે તેથી ન્યાયાધીશોની સેવા નિવૃત્તીનો સમય પણ ૬૦ થી ૬૨ વર્ષ સુધી કરવાની ભલામણ છે જેથી અનુભવી જજો દ્વારા ઝડપી ન્યાય પ્રક્રિયા અનુસરી શકાય સુપ્રિમ કોર્ટના જજની અધ્યક્ષતામાં આગામી સમયમાં ભારતની ન્યાય પ્રક્રિયામાં ઝડપી કેસોના નિકાલ માટે નક્કર કાર્યાવાહી તથા અમલવારી થશે તે નક્કી છે.

# લવ-કુશને વાલ્મિકીએ સંસ્કાર અને સંસ્કૃતિના પાઠ ભણાવ્યા હતા, ડેડી, તમારા લવ-કુશને આદર્શના પાઠ ભણાવવા નહિ આવો?

**ફટકિયાં મોતી**

- જય ગજ્જર

નંદલાલની જરાકે ઈચ્છા નહોતી પણ દીકરીની વહુના આગ્રહને કારણે ન્યુયોર્ક આવી રહ્યા હતા. જો કે મનમાં બહુ ગડમથલ હતી. નિર્ણય તો લીધો હતો પણ વહુ સાથે લાંબો સમય નહિ રહી શકાય એ ભય કોરી ખાતો હતો.

એ ભય અસ્થાને પણ નહોતો. લગ્ન પહેલાં એક અમેરિકન ગોરી છોકરી બેલાને લઈને દીકરો પમીએ વતનમાં આવ્યો હતો.

''લગ્ન વિના એક પરાઈ છોકરી સાથે આમ ફરે છે તને શોભે છે?''

''અમે એકબીજાને પરણવાનાં છીએ.''

એ સાંભળી નંદલાલે ગુસ્સે થઈ દીકરાને ધમકાવ્યો હતો.

દીકરો પમીએ મક્કમ બનીને કહેલું કે, ''હું પરણીય તો બસ બેલા ને જ. નહીંતર કદી લગ્ન નહિ કરું.''

એ શબ્દો સાંભળી નંદલાલ તાડૂક્યા હતા. ''તું તારું ધાર્યું કરીશ તો મારા શબ્દો પણ સાંભળી લે... એને પરણીશ તો મારા ઘરના દવારાજ તારે માટે સદા બંધ... હવેલી અને આ ધીકતો ધંધો કોઈને દાનમાં આપી દઈશ પણ તને ફૂટી બદામે નહીં આપું.''

પમીને એક આંચકો લાગેલો. એની જીભ સિવાય ગઈ હતી. પણ બેલા બોલેલી. ''ડેડી, કોઈનું આપ્યું લીધેલું કાયમ માટે બેસી નથી રહેતું. નસીબમાં નહિ હોય તો તમારું આપેલું પણ નહિ ટકે. અમારો પ્રેમ સાચો હશે તો તમે શું કોઈ અમને અલગ નહિ કરી શકે. તમારી જીદ અમને અલગ કરશે તો હું એમ જ માનીશ કે અમારો પ્રેમ ફટકિયાં મોતી જેવો હતો. એમ માની મન મનાવી લઈશ, પણ કોઈને દોષ નહિ દઉં....''

નંદલાલે બેલાના શબ્દો ગણકાર્યા નહિ. એમણએ ત્રાડ પાડી, ''મને કલ્પાનાયે હોત કે માંસના લોચા ચૂંથનારી પાછળ તું આટલો પાગલ કે આંધળો બનીશ તો તને અમેરિકા ન જ મોકલત! તારી માની બહુ ઈચ્છા હતી એટલે હું એની ઈચ્છાને અવગણી શક્યો નહોતો. બાપનો બોલ ઉથામી મનફાવે એમ વર્તે એવા દીકરા હોય તોય શું અને ન હોય તો ય શું? હું વર્ષો પહેલાં રમાના બાપને વેણ દઈ ચૂક્યો છું.... રંગે રૂડી, રૂપે પૂરી, ડૉકટર બની છે... એક તારી આશાએ તો આજ સુધી એ કુંવારી રહી.... એનો એકાદ અવગુણ હોય તો મને દેખાડ, દીકરા...''

''એનામાં એકે અવગુણ નથી... પણ હું દિલ બેલાને દઈ બેઠો છું.''

''દિલ... બિલની વાત જવા દે...એ બધાં યુવાનોના ઉછાછળાવેડા છે... યૌવનના ધમપછાડા છે...''

પમીએ બાપને છોડ્યા, પણ જીદ ન છોડી.

બાપની ઉપરવટ થઈને પમીએ પણ બેલા સાથે પ્રેમલગ્ન કર્યા.

નંદલાલે આકરા શબ્દોમાં એને પત્ર લખીને એને નાહી નાખ્યો.

વર્ષો સુધી બાપદીકરા વચ્ચે અબોલા રહ્યા. એકબીજાને જાણે સદાને માટે ભૂલી ગયાં.

વર્ષો સુધી બાપદીકરા વચ્ચે અબોલા રહ્યા. એકબીજાને જાણે સદાને માટે ભૂલી ગયાં.

લગ્ન પછી પાંચમા વર્ષે એને ઘેર દીકરો આવ્યો ત્યારે એણે લખ્યું, ''ડેડી, તમે નિવૃત્ત થયા છો એ સમાચાર જાણી આ પત્ર લખવા પ્રેરાયો છું. બધું ભૂલીને અહીં આવી જાણો. એકલતા ટળશે અને તમારા વારસને દાદાની હૂંફ મળશે.''

પત્ર વાંચી નંદલાલે તાબડતોબ જવાબ લખેલો, ''બંને નોકરી કરો છો એટલે બેબીસિટીંગ માટે આ ડોસાની જરૂર પડી છે એમ કેમ નથી લખતાં! પ્રેમનું નાટક છોડી દો.''

એકાદ વર્ષ પછી બીજો બાબો આવતાં બેલાનો પત્ર આવ્યો, ''લવ-કુશને વાલ્મિકીએ સંસ્કાર અને સંસ્કૃતિના પાઠ ભણાવ્યા હતા. ડેડી, તમારા લવ-કુશને આદર્શના પાઠ ભણાવવા નહિ આવો?''

એ પત્ર વાંચી લાંબુ વિચાર્યા વિના નંદલાલ ન્યુયોર્કની ટિકિટ ખરીદી આવી રહ્યો હતો. પ્લેઈનમાં બેસતાં તો બેસી ગયો પણ અનેક સવાલોએ - શંકા-કુશંકાઓએ મનને ઘેરી લીધું હતું. ન્યુયોર્ક પર ખચકાતો ઊતર્યો.

ટર્મિનલમાં આવતાં પમી સાથે બે દીકરીને લઈને ઊભેલી બેલા એકદમ દોડી આવી. નંદલાલને ભેટીને બોલી. ''મને માફ કરજો ડેડી. મેં તમને બહુ દુભવ્યા હતા. હું તમારી વહુ નહિ દીકરી બનીને તમારી સેવા કરવા માંગુ છું. એટલે તો લવ-કુશનું બહાનું કાઢી તમને અહીં બોલાવી લીધા છે.''

નંદલાલનું હેયું પીગળી ગયું. બેલાના માંયલાને ઓળખવા મથી રહ્યા.

# બ્રાહ્મણો આજીવન બ્રહ્મચર્ય પણ પાળતા અને ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા અને અનેક આશ્ચર્યજનક સિદ્ધિઓ પ્રાપ્ત કરતા હતા, ઘણા વરદાનથી પણ સિદ્ધિઓના સ્વામી બનતા હતા

**માહિતી પૂંજ**

છબાભાઈ પટેલ

**(ગતાંકથી આગળ...)**

આ અંગે જોઇએ તો સગરરાજાના એક હજાર પુત્રોએ કપિલમુનિનું અપમાન કરતાં તેઓએ તેમને શાપથી બાળી નાખઅયા હતા. પાંડુએ અજાણતાં મૃગના રૂપે મૈથૂનરત કિંદમ નામના ઋષિપુત્રને બાણ મારતાં તેણે તેના શાપનો ભોગ બનવું પડ્યું હતું. દશરથ રાજાને પણ શ્રાવણના શાપનો ભોગ બનવું પડ્યું હતું. પરિક્ષીતને પણ શુંગીઋષિના શાપનો ભોગ બનવું પડ્યું હતું. પૂર્વ થઇ ગયેલા ધૃતરાષ્ટ્રે બકમુનિને મરેલી ગાયો લઇ જવાનું કહેતા તેને તેઓના રોષનો ભોગ બની દુષ્કાળનો સામનો કરવો પડ્યો હતો. કર્ણને પણ જુઠ્ઠું બોલવા માટે પરશુરામના રોષનો ભોગ બની શાપ વેઠવો પડ્યો હતો.

દુર્યોધનની ઉદ્દંડતા બદલ મૈત્રેય ઋષિને શાપ આપ્યો હતો કે મહાયુદ્ધ ઊભું થશે, ત્યારે ભીમ ગડા વડે તેની સાથળ ભાંગી નાખશે. અરે! ધર્મને આણિમાંડવ્ય ઋષિએ શાપ આપ્યો હતો કે તેઓ શુદ્રયોનિમાં જન્મશે. તે શાપના કારણે ધર્મે દાસીપુત્ર વિદૂર તરીકે જન્મ લેવો પડ્યો હતો. અગાઉના સમયમાં શુક્રાચાર્યે યયાતિને તેઓનો જમાઇ હોવા છતાં, તરત જ વૃદ્ધાવસ્થા ઘેરી લેશે તેવો શાપ આપ્યો હતો. વળી દેવાના પુરોહિત બૃહસ્પતિએ તેઓના મોટાભાઇની પત્ની મમતાના ગર્ભમાં રહેલા પુત્રને દૃષ્ટિવિહીન થવાનો શાપ આપ્યો હતો. એ જ પ્રમાણે વરિષ્ઠના મોટાપુત્ર શક્તિમુનિને કલ્માષપાદ નામના રાજાએ કોરડાથી મારતાં તેઓએ તેને પુરુષભક્ષી રાક્ષસ થવાનો શાપ આપ્યો હતો. ઇંદ્રના સ્થાને સ્થાપિત નહૂષરાજાને અગત્સ્યે શાપ આપતાં તેનું સ્વર્ગમાંથી પતન થયું હતું અને તે અજગર બન્યો હતો. તે ભૃગુઋષિએ અગ્નિને સર્વભક્ષક થવાનો શાપ આપ્યો હતો અને હિમાલયની પુત્રી ઉમાને પરણવાની તેમની ઇચ્છા પૂર્ણ ન થતાં હિમાલયને પણ રત્નવિહીન થવાનો શાપ આપ્યો હતો.

બ્રાહ્મણોને ન ગમતી વાત સાંભળવા મળતાં તેઓ પોતાના પુત્ર એવા ગર્ભસ્થ શીશુને પણ શાપ આપતાં વિચારતા નહિ. તે જ પ્રમાણે ગર્ભસ્થ અષ્ટાવક્રને પોતાના ઉજાગરા કરી અભ્યાસરત રહેતા પિતાનું ધ્યાન દોરતાં તેમના પિતા કહોડે તેઓનાં અંગો વાંકા થઇ જશે તેવો શાપ આપ્યો હતો.

કર્ણને તેના ગુરુ પરશુરામે તેમજ એક બ્રાહ્મણ કે જેના વાછરડાને કર્ણે મારી નાખેલો તેણે પણ શાપ આપેલો જેથી અંત સમયે તે તેના બ્રહ્માસ્ત્રનું જ્ઞાન ભૂલી ગયો હતો અને તેના રથનું પૈડું જમીનમાં ઊતરી ગયું હતું.

નચિકેતાને એક સામાન્ય બાબતમાં તેના પિતા ઉદાલકીએ યમરાજાના દર્શન કરવાનો શાપ આપ્યો હતો. તો મહાભારતની સમાપ્તિ બાદ શ્રીકૃષ્ણ દ્વારકા જતા હતા ત્યારે શ્રીકૃષ્ણ સમર્થ હોવા છતાં તેમને યુદ્ધ ન અટકાવ્યું તેવું કહીને ઉત્તંકઋષિ તેઓના શાપ આપવા તૈયાર થઇ ગયા હતા.

તે સમયમાં બ્રાહ્મણો પ્રમાણમાં ધનવિહીન હોવા છતાં તેઓની તપશ્ચર્યાના લીધે તેજસ્વી હતા. તેઓનાં શાપના ડરથી તે ગમે તે કારણે રાજાઓ તેઓનાં વચનને ઉથાપી શકતા નહોતા. આ અંગેનો આંખે વળગે તેવો દાખલો ચ્યવનઋષિનો છે. તેઓએ યયાતિ પાસે ધન માગતાં તે ન આપી શકતા ધનના બદલામાં યયાતિએ પોતાની પુત્રી માધવીને આપી, જેને એક પુત્ર ઉત્પન્ન થાય ત્યાં સુધી અન્ય રાજાઓને આપીને તેના બદલામાં ચ્યવને ધન મેળવ્યું હતું. ઉત્તુંક નામના બ્રાહ્મણે તેના ગુરુને ગુરુમાતાની ઇચ્છા પ્રમાણે ગુરુદક્ષિણામાં આપવા માટે પૌષ્ય રાજાની પત્નીનાં અમૂલ્ય કુંડળોની માગણી કરતાં પૌષ્યરાજાએ તેને અમૂલ્ય કુંડળો આપ્યા હતા. (આ પ્રસંગમાં વિરોધાભાસ છે. એક જગ્યાએ પૌષ્ય રાજાની પત્ની બતાવેલ છે તો બીજી જગ્યાએ સૌદાસ રાજાની પત્ની મદયંતીનાં કુંડળોનો ઉલ્લેખ છે) તો અગત્સ્યે પણ શ્રુતર્વા, બધ્નક્ષ અને ત્રદસ્યુ પાસે બીજાને પીડા ન થાય તે રીતે ધનનો વિભાગ માગતાં તેઓએ તે ન આપી શકતાં તેઓને આવક જાવકનાં હિસાબો બતાવ્યા હતા.

એવું પણ જોવામાં આવે છે કે અમુક બ્રાહ્મણોને એક કરતાં વધારે પત્નીઓ હતી. દક્ષની તેર કન્યાઓ કશ્યપ સાથે પરણાવી હતી.

ઘણા બ્રાહ્મણો આજીવન બ્રહ્મચર્ય પણ પાળતા અને ઉગ્ર તપશ્ચર્યા કરતા હતા અને અનેક આશ્ચર્યજનક સિદ્ધિઓ પ્રાપ્ત કરતા હતા. ઘણા વરદાનથી પણ સિદ્ધિઓના સ્વામી બનતા હતા. કાશ્યપને વિષનાશની વિદ્યા બ્રહ્મા પાસેથી મળી હતી. શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા હતી. તે ઉપરાંત બ્રાહ્મણો મંત્રો અને યજ્ઞો દ્વારા ઇચ્છિત કાર્ય કરી શકતા હતા. જનમેજયના સર્પયજ્ઞમાં તક્ષકને હોવા માટે બ્રાહ્મણોએ મંત્રોથી તક્ષકને યજ્ઞસ્થખે આવવા વિવશ કર્યો હતો. આસ્તિકના પિતા જરત્કારુ ઋષિએ પોતાના તપોબળથી સમુદ્રનું પાન કરેલું.

અગત્સ્યે પોતાના સારર્થ્યથી વિધ્યાચળ પર્વતને પણ વધતો રોકી દીધો હતો. તે રીતે જ ઉતથ્ય નામના બ્રાહ્મણની પત્નીને વરુણે અપહરણ કરી વરૂણ પરત આપતો નહોતો, ત્યારે ઉતથ્યે તપોબળથી વરુણના પ્રદેશનું જળ પી જઇને તેને શુષ્ક કરી નાખ્યો હતો. વળી, ચ્યવનઋષિની વાત કરીએ તો તેઓએ એટલું બધું ઉગ્ર તપ કરેલું કે તેઓની ઉપર રાફડો જામ્યો હતો.

જયારે શર્યાતિ રાજાની પુત્રી સુકન્યાએ રાફડામાં દેખાતી તેઓની આંખોને કુતૂહલથી ફોડી નાખતાં ચ્યવનના તપોબળથી શર્યાતિરાજાના સૈનિકોનાં મળમૂત્ર બંધ થઇ ગયા હતા. અને શર્યાતિએ તેની પુત્રી સુકન્યાને તેઓની સાથે પરણાવી ત્યારે જ તેઓએ તેને માફ કર્યા હતા. દેવોએ અશ્વિનીકુમારોને નિંદ્ય ગણ્યા હતા, પરંતુ ચ્યવનઋષિએ યજ્ઞમાં અશ્વિનીકુમારોનો સોમભાગ ગ્રહણ કરતાં ઇન્દ્ર ચ્યવનને મારવા આવેલો, ત્યારે ચ્યવને ઇંદ્રનો હાથ થંભાવી દઇને તેને મારવા માટે કૃત્યા ઉત્પન્ન કરી હતી. તેઓએ ઇંદ્રને અશ્વિનીકુમારોને સોમપાનના અધિકારી બનાવવા માટે ફરજ પાડી હતી. વળી ચ્યવન ઋષિએ પ્રયાગમાં જયારે જળમાં રહી અનેક વર્ષો સુધી તપ કરેલું, ત્યારે તેઓના શરીર પર શેવાળ જામી ગયેલી અને માછીમારોએ નાખેલી જાળમાં માછલાં સાથે તેઓ પણ ખેંચાઇ આવ્યા હત્યા ત્યારે નહુષરાજા પણ તેઓથી ડરીને કરગરી પડ્યો હતો. જો રાજાનો કોઇ દોષ હોય તો બ્રાહ્મણો રાજાનો ત્યાગ કરતાં અને રાજા મુશ્કેલીમાં મુકાઇ જતો.

મહાભારત પૂર્વે થઇ ગયેલા અન્ય એક પરિક્ષીતના પુત્ર જન્મેજય દ્વારા અજાણતાં એક બ્રાહ્મણની હત્યા થઇ જતાં બ્રાહ્મણોએ તેનો ત્યાગ કર્યો હતો. તેણે ઘણી જ ક્ષમાયાચના કરવા છતાં તેને માફ નહોતો કર્યો, પરંતુ છેવટે ઇન્દ્રોતમુનિને ખુબ જ વિનંતી કરતાં તેઓએ ધર્મની ખાતર જ તેને શિષ્ય તરીકે સ્વીકારીને તેને અશ્વમેધયજ્ઞ કરાવ્યો હતો અને તીર્થક્ષેત્રોમાં જવાનું કહ્યું હતું. બ્રાહ્મણોના સામર્થ્યની વાત કરીએ તો દુર્વાસા જયારે શ્રીકૃષ્ણની પરીક્ષા કરવા તેમના ઘરે ભિક્ષા માટે ગયેલા, ત્યારે તેઓએ શ્રીકૃષ્ણ અને રુકમણીને રથે જોડી તેમાં બેસીને તે રથ તેઓની પાસે ખેંચાવ્યો હતો. તો શરદ્વાન જેવા બ્રાહ્મણો ધર્નુવેદના જ્ઞાનથી ઇન્દ્ર જેવાને પણ સંતાપ કરાવતા હતા, એનું તેમનું સામર્થ્ય હતું.

તે સમયનાં બ્રાહ્મણોમાં બે વિરોધાભાસી બાબતો જોવામાં આવે છે. દ્રોણ જેવા ગુરુએ એકલવ્યને ધર્નુવેદનું શિક્ષણ આપવાની ના પાડીને પક્ષપાત કરેલો. પરશુરામ પણ સૂતપુત્ર કહેવાતા કર્ણને વિદ્યાભ્યાસ કરાવે તે માટે તેણે બ્રાહ્મણ હોવાનો ડોળ કરેલો. તો બીજી બાજુ એ જ દ્રોણગુરુ તેમના શત્રુ એવા દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્નને તેના હાથે તેઓનું મોત થવાનું છે એવું જાણવા છતાં પણ તેઓએ ધૃષ્ટદ્યુમ્ન અને શિખંડીને શિક્ષણ આપ્યું હતું. તો અસૂરોના ગુરુ શુક્રાચાર્યએ જાણવા છતાં બૃહસ્પતિના પુત્ર કચને સંજીવની વિદ્યા શીખવાડી હતી. તો વરિષ્ઠે રાક્ષસ સ્વરૂપે રહેલા કલ્પાષપાદરાજાએ વિશ્વામિત્ર દ્વારા પ્રેરાઇને તેઓનાં એક સો પુત્રોનો નાશ કરવા છતાં તેને શાપમુક્ત કર્યો હતો. તો પરિક્ષીતે શમીકઋષિનો અપરાધ કરતાં તેઓના પુત્ર શૃંગીએ પરિક્ષીતને તક્ષકદંશ દેશે તેવો શાપ આપ્યાની જાણતાં જ શમીકે પરિક્ષીતને તક્ષકથી સચેત રહેવા જાણ કરીને પોતાની ઉદારતા બતાવી હતી. વરિષ્ઠના પૌત્ર પરાશર નામના ઋષિએ જાણ્યું કે તેમના પિતા શક્તિમુનિને રાક્ષસ ખાઇ ગયો હતો ત્યારે તેઓ સર્વ રાક્ષસોનો વિનાશ કરવા તૈયાર થઇ ગયા હતા. પરંતુ અત્રિ ઋષિએ તેઓને તેમ કરતાં અટકાવ્યા હતા. તે જ પરાશરે સૌદાસ (કલ્માષપાદ)ના પુત્રની રક્ષા કરી હતી. તો કાર્તવીયના નાશ માટે મહાન તપ કરતા હતા. ત્યારે તેઓના પિતૃઓએ જ તેમને તેમ કરતાં અટકાવ્યા હતા. મોટે ભાગે બ્રાહ્મણો કે ઋષિઓ શાપ આપતા, ત્યારે જો તેઓની માફી માગવામાં આવે તો શાપનું નિવારણ પણ બતાવતા હતા.

સામાન્ય રીતે બ્રાહ્મણો મદિરાપાન કરતા ન હતા. પરંતુ યજ્ઞો વખતે સોમરસનું પાન કરતા હતા. અસુરોએ બૃહસ્પતિના પુત્ર કચને મારી નાખી તેની રાખ બનાવીને સૂરામાં ઓગાળી શુક્રાચાર્યને પીવડાવી દીધી હતી તેઓ ઉલ્લેખ બતાવે છે કે બ્રાહ્મણો સૂરાપાન કરતા હશે. આ બનાવ પછી જ શુક્રાચાર્યએ મર્યાદા બાંધી હતી કે જે કોઇ બ્રાહ્મણ સૂરાપાન કરશે તે ધર્મભ્રષ્ટ થશે અને બ્રહ્મઘાતી હશે.

બ્રાહ્મણો ક્ષત્રિયોના પુરોહિત તરીકે કામ કરતા હતા. તેઓ ક્ષત્રિયોને યજ્ઞો અને ધાર્મિક કાર્યો સંપન્ન કરાવતા. તેના બદલામાં તેઓને સારું એવું મહેનતાણું મળતું હતું. વળી તેઓ સમર્થ વ્યક્તિઓના પુરોહિત થવાનું વધારે પસંદ કરતા હતા. બૃહસ્પતિ દેવોના પુરોહિત થયા તે પહેલાં મરુત્ત રાજાના પુરોહિત હતા. દેવોના પુરોહિત થયા પછી તેઓને મરુત્ત રાજાને યજ્ઞ કરાવવાની ના પાડી દીધી હતી.

તે સમયે બધા જ બ્રાહ્મણો આશ્રમોમાં રહીને વેદાધ્યાયન અને વિદ્યાભ્યાસ કરાવતા જ હતા તેવું પણ નહોતું. તેઓ ગૃહસ્થાશ્રમમાં રહીને સુખપુર્વક જીવન ગાળતાં હતા. વેદવ્યાસના ચાર મુખ્ય શિષ્યો-જેમિની, પૈલ, સુમંતુ અને વૈશપાયને વિદ્યાભ્યાસ પછી ગુરુની આજ્ઞા લઇને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશીને અગ્નિહોત્રથી આરંભીને સોમયાગ સુધીનું ચાતુર્હોત્રકર્મ ચાલુ કર્યું હતું. તેઓ બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યોને યજ્ઞો કરાવતા હતા. યાજન અને અધ્યાયન કાર્યમાં આસક્ત રહીને તેઓ શ્રીમંત થયા હતા.

અમુક બ્રાહ્મણો તો પુરોહિતપણા અને યજ્ઞની દક્ષિણાની લાલચથી પોતાના ભાઇને પણ દુઃખ આપવામાં પાછા પડતા ન હતા. બૃહસ્પતિએ તેઓના ભાઇ સંવર્તને અતિશય દુઃખ આપ્યું હતું. જેથી તે સર્વસ્વ ત્યાગીને વનમાં ભટકતા હતા અને તપસ્વીની અતિ ઉચ્ચ સ્થિતિઓ પહોંચ્યા હતા. હિમાલયમાં આવેલા મુંજવાન પર્વત પરની સુવર્ણની ધાતુઓના ભંડારો અંગે જાણતા હતા. તેઓ નિર્લેપ હતા. તેઓએ જ મરુત્ત રાજાને કહ્યું હતું કે, તેઓનો ભાઇ સમર્થ અને ઇન્દ્રની સંગતવાળો હતો. વળી તેણે તેઓનો ગૃહસ્થાશ્રમ, તેઓના યજમાનો વગેરે છીનવી લીધા હતા અને ફક્ત તેઓના શરીરને જ જતું કર્યું હતું. અન્ય કિસ્સામાં ત્રિતમુનિના ભાઇએ એકત અને દ્વિતે પોતાના ભાઇ ત્રિતને યજ્ઞની દક્ષિણામાં મળેલી ગાયોમાંથી ભાગ ન આપવો પડે તે ઇરાદાથી ત્રિત જયારે વરુના ભયથી કૂવામાં પડી ગયા, ત્યારે બંને ભાઇઓ તેઓનને ત્યાં જ ત્યજીને ગાયોને લઇને ચાલ્યા હતા હતા. અમુક ટાઇપે બ્રાહ્મણો વચ્ચે દક્ષિણા બાબતે પણ ટંટા થતાં હતા. યાજ્ઞવલ્કે શતપથબ્રાહ્મણની રચના કરી તેઓના સો ઉત્તમ શિષ્યોને તેનું ઉદ્યયન કરાવ્યું હતું. કેમ કે તેઓએ તેઓના મામા અને મામાના શિષ્યોને નારાજ કરવા હતા. તેઓએ તેઓના પિતા પાસે યજ્ઞ કરાવન્યો હતો તેમાં તેઓના મામા વૈશંપાયન સાથે વેદની દક્ષિણા સંબંધમાં ટંટો થયો હતો. વિશ્વામિત્ર અને વરિષ્ઠની વચ્ચે પણ કલ્માષપાદ રાજાના યજ્ઞનાં સંબંધમાં વેર થયું હતું.

**(ક્રમશઃ)**